**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૯ ટકા ● સાંજે ૫૦ ટકા

# સિવિલમાં સ્વાઈન ફલુનો કેસ નોંધાતા તંત્રમાં દોડધામ

ગાંધીનગર, તા. ૨૧

શિયાળાની ઠંડી ઋતુમાં સ્વાઈન ફલુના વાયરસ આક્રમક બન્યા હતા અને ગાંધીનગર શહેર-જિલ્લામાં સ્વાઈ ફલુએ હાહાકાર મચાવ્યો હતો. જેમાં શહેર અને જિલ્લામાં મળીને ૮૦ થી વધુ પોઝીટીવ દર્દીઓ નોંધાયા હતા. જયારે સ્વાઈન ફલુના કારણે કેટલાક દર્દીઓ મોતને પણ ભેટ્યા હતા. ત્યારે ઉનાળાની આકરી ગરમીમાં સ્વાઈન ફલુના વાયરસ નિષ્ક્રીય થઈ ગયા હતા. જે ફરીવાર સક્રિય થવા હોય તેમ લાગી રહ્યું છે. આરોગ્ય તંત્ર દ્વારા અગાઉથી જ એકશન પ્લાન તૈયાર કરી રાખ્યો હતો. જેને પગલે જિલ્લા આરોગ્ય વિભાગના અધિકારીઓને પણ સતર્ક કરી દેવાયા હતા. ત્યારે જુલાઈ માસના પ્રથમ સપ્તાહે સ્વાઈન ફલુનો પોઝીટીવ કેસ જોવા મળ્યો હતો. ત્યારે આજે વધુ એક પોઝીટીવ કેસ મળી આવતા તંત્રમાં પણ દોડધામ મચી જવા પામી છે. જયારે સિવિલ હોસ્પિટલ તંત્ર દ્વારા પણ સ્વાઈન ફલુ વોર્ડ તૈયાર કરી દેવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાના સોલૈયા ગામની ૨૧ વર્ષિય યુવતિ ને છેલ્લા ઘણા સમયથી શરદી-ખાંસી સહિત તાવ આવતો હતો. ઉપરાંત દર્દીને ગળામાં સતત બળતરા થતી હતી.જેને પગલે આ યુવતિના ટેસ્ટ કરાવવામાં આવતા તેણીને સ્વાઈન ફલુ પોઝીટીવ હોવાનું સામે આવ્યું હતું. આ અંગે જિલ્લા આરોગ્ય તંત્રને જાણ કરવામાં આવતા તંત્ર દ્વારા તાત્કાલીક સર્વેલન્સી કામગીરી આરંભી દીધી છે. હાલ આ યુવતિને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે અને સઘન સારવાર આપવામાં આવી રહી છે.



'પેટ કરાવે વેઠ' કહેવતને સાચી પાડતી આ તસવીરમાં દેખાતું દશ્ય એ કોઈ નવાઈની વાત નથી. દરરોજ આપણી આસપાસ કુમળી વયના બાળકોને આપણે મજુરી કરતા જોઈએ છીએ, પછી તે કચરો વીણતા બાળકો હોય, ચાની કિટલીએ કે ખાણીપીણીની લારીએ સર્વિસ આપતા 'છોટુ' હોય કે પછી બુટપોલીશનું કામ શોધતા ફરતા શ્રમજીવી બાળકો હોય. સરકાર તો બાળમજૂરી નાબુદીની વાતો કરે રાખે પરંતુ જયાં 'પાપી પેટ કા સવાલ' હોય ત્યાં બધી સુફિયાણી વાતો એક તરફ રહી જાય છે. આવતા મહિને દેશનો વધુ એક સ્વાંતત્ર્ય દિન આવી રહ્યો છે પરંતુ ખબર નહીં દેશના આ 'ભવિષ્ય'ને કયારે બાળ-મજૂરી કરવામાંથી સ્વતંત્રતા મળશે??

# શંકરસિંહ વાઘેલાના જન્મદિને સમર્પણ કોલેજમાં વિવિધ સેવાકાર્યો હાથ ધરાયા



ગાંધીનગર, તા.૨૧

સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજના સંસ્થાપક શંકરસિંહ વાઘેલા બાપુના જન્મદિનની ઉજવણીના ભાગરૂપે કોલેજમાં મેડીકલ ચેકઅપ કેમ્પ, થેલેસેમિયા પરીક્ષણ, રકતદાન શિબિર અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજની એકસ્ટેન્શન, હેલ્થ અને અલુમની કમિટી, યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ, ગાંધીનગર અને પ્રથમા બ્લડ સેન્ટર, અમદાવાદના સંયુકત ઉપક્રમે યોજાયેલ મેડિકલ કેમ્પમાં ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓનું તબીબી નિદાન અને થેલેસેમિયા પરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટી મહેન્દ્રસિંહજી વાઘેલા, કાર્યકારી આચાર્ય ડૉ. દીપક પંડયા અને રજિસ્ટ્રાર એમ.ડી. પાંડે દ્વારા ઉપસ્થિત ડોકટરોનું સ્વાગત કરવામાં આવ્યું હતું અને તેમણે નિષ્ણાંત તબીબોની સેવા ઉપલબ્ધ કરાવવા બદલ ડૉ. હાર્દિકભાઈ તલાટીનો આભાર માન્યો હતો.

આ ઉપરાંત સીડબલ્યુડીસી દ્વારા યોજિત વકતવ્યમાં કોલવડા આર્યુવેદિક સ્ત્રી રોગ વિશેષજ્ઞ ડૉ. આશાબેન પટેલે 'પોલિસીસ્ટિક ઓવેરિયન ડિસઓર્ડર' અંગે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી અને સ્ત્રી આરોગ્ય અંગે વિદ્યાર્થીના પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા.

પર્યાવરણ સમિતિ દ્વારા આયોજિત વૃક્ષારોપણ કાર્યક્રમ અંતર્ગત કોલેજના કેમ્પસમાં ૩૦ જેટલા છોડ વાવવામાં આવ્યા હતા.

# રીક્ષામાં બેસાડી ચલણી નોટોનું બંડલ બતાવી છેતરપિંડી આચરતી ગેંગના બે સભ્યો ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

રીક્ષામાં પેસેન્જર તરીકે બેસાડી નોટોનું બંડલ બતાવી મહિલા તેમજ વૃધ્ધો પાસેથી સોના-ચાંદીના દાગીના તેમજ રોકડ રકમની છેંતરપિંડી આચરનાર ટોળકીના બે ઈસમોને સેકટર-૨૪ ખાતેથી એલસીબી પોલીસે દબોચી લીધા છે. આ ટોળકી પકડાતા સાબરકાંઠા, અમદાવાદ અને ગાંધીનગરમાં નોંધાયેલા છેંતરપિંડીના ગુના ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પોલીસે આરોપીઓ પાસેથી સોના-ચાંદીના દાગીના કિં.રૂ. ૨૧૦૩૪ તેમજ ગુનામાં વપરાયેલી સીએનજી રીક્ષા પકડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ ગતરોજ એલસીબી વુ.પો.સ.ઈ. વી.બી. વર્મા અ.હ.કો. રાજવીરસિંહ અત્તરસિંહ, પોકો. વિજયસિંહ, અનોપસિંહ , જીગ્નેશકુમાર, અનુપકુમાર અને વુ.હે.કો. જાગૃતિબા સહિતની ટીમ ગાંધીનગર શહેરમાં ગતરાત્રીના સમયે પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પો.કો. જીગ્નેશકુમાર અને



અનુપસિંહને બાતમી મળી હતી કે સેકટર-૨૪ હોલસેલ માર્કેટ પાસેથી એક સીએનજી રીક્ષા નં.જી.જે.૧૮.એ.એકસ.-૫૧૮૩ માં બે ઈસમો મુકેશ કિશનલાલ મારવાડી (રહે. ભદ્રેશ્વર જોગણી માતાના મંદિર પાસે, કાચા છાપરા સરદારનગર અમદાવાદ) તેમજ મુકેશ જીવણબાઈ સલાટ (રહે. કલોલ રેલ્વેપૂર્વ સલાટ વાસ તા. કલોલ જી. ગાંધીનગર) પકડી અંગ ઝડતી કરતા બંને પાસેથી સોના ચાંદીના દાગીના જેની કુલ કિં. રૂ. ૨૧૦૩૪ ના મુદ્દામાલ અંગે પુછપરછ કરતા સંતોષકારક જવાબ આપી શકયા ન હતા. એલસીબી કચેરી લાવી ઉંડાણપૂર્વક તપાસ કરતા તેઓએ સાબરકાંઠાના હિંમતનગર, અમદાવાદ શહેરના સરદારનગર તેમજ ગાંધીનગર જિલ્લામાં ગુના આચર્યા છે. જેમાં તેઓએ મહિલા તેમજ વડીલોને રીક્ષામાં મુસાફર તરીકે બેસાડી ચલણી નોટોનું બંડલ બતાવી વિશ્વાસમાં લઈ આ દાગીના છેંતરપિંડીથી કઢાવી લીધા છે. જયારે મુકેશ કિશન મારવાડી અગાઉ ડભોડા તેમ જ મહેસાણાના કડી ઉપર મુજબની એમઓથી ગુના કરેલા છે.બનાવ અંગે એલસીબી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સંસ્કૃત ભારતી ગાંધીનગર વિભાગ દ્વારા કાર્યકર્તા અભ્યાસવર્ગ યોજાયો




ગાંધીનગરની સંસ્કૃત ભારતી દ્વારા ગિયોડ ખાતેના અંબાજી મંદિરે કાર્યકર્તા અભ્યાસ વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નૂતન શિક્ષણનીતિ અન્વયે ત્રિભાષા સૂત્ર વિષય, વર્તમાન સમયમાં સંસ્કૃત પ્રચાર-પ્રસાર વિષયે કાર્યકર્તા નિર્માણ, કાર્ય પધ્ધતિ અને કાર્યયોજના અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા યોજાઈ હતી. આ અભ્યાસવર્ગમાં સંસ્કૃત ભારતીના ગુજરાત પ્રાન્ત સદસ્ય ડૉ. લલિત પટેલ તેમજ ભાવિન પાઠકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.




'લો, તમે તો તમારી જાતને માનવી એટલે કે બુધ્ધિશાળી અને વિવેકશીલ પ્રાણી ગણાવો છો, પરંતુ જયારે વાત ટ્રાફિકના નિયમોના પાલનની આવે છે ત્યારે તમારી બુધ્ધિ કયાં ઘાસ ચરવા જતી રહે છે?' શહેરના રાજમાર્ગ પર ટ્રાફિક નિયમન બુથ પાસે ઉભેલી આ ગાયે ઉપરોકત સવાલ કરવા જાણે જાણે ટ્રાફિક પોલીસને ત્યાંથી એવું કહીને હટાવી દીધો લાગે છે કે, 'રહેવા દો તમે, ઢોરની જેમ જાડી ચામડીના થઈ ગયેલા વાહનચાલકોને હવે અમારે પશુઓએ જ ટ્રાફિક નિયમન શીખવાડવું પડશે?'




# લોકડાયરો-સંતવાણી કાર્યક્રમમાં સાધુ સંતો ઉમટી પડયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર-સરખેજ હાઈવે નજીકના ચાંદલોડીયા વિસ્તારમાં જય હિંદવાપીર સતી સેવા આશ્રમ ખાતે ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીના સહયોગથી શનિવારે જાણીતા મંજીરાવાદક ભલાભાઈ સોલંકી દ્વારા ભવ્ય લોકડાયરો-સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોકડાયરામાં રેડીયો કલાકાર નાગરભાઈ પ્રજાપતિ તથા લોક ગાયક રાજુભાઈ શ્રીમાળી સહિતના કલાકારોએ ભકિત સંગીત પીરસ્યું હતું. જેને માણવા મોટી સંખ્યામાં દુર સુદૂરથી સાધુ-સંતો તથા ભાવિક શ્રોતાજનો ઉમટી પડયા હતા. આ પ્રસંગે મહંત મનસુખગીરી બાપુ, લોકગાયક વિષ્ણુભાઈ પનારા, અમદાવાદની સીએમ ફાઈન આર્ટસ કોલેજના શિલ્પકાર રતિલાલ કાંસોડિયા તથા બહાદુરસીંગ અતિથિ વિશેષ પદે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં સાધુ સંતોનું સન્માન કરવામાં આવ્યું હતું.

# અગોરા મોલ પાસે કારનો કાચ તોડી બેગની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૧

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પીન્કીબેન અર્જુનભાઈ જેઠાભાઈ નરસિંઘાણી (ઉં.વ.૨૯)હીમાલીયા ગ્રીન ફલેટ બી.૪-૩ ગેલેકક્ષી નરોડા ખાતે રહે છે અને ગેલેકક્ષી આર્કેડમાં સોમ કલીનીકના નામે દવાખાનું ચલાવે છે. તેમના પરિવારમાં એક મોટા બહેન અને એક ભાઈ છે. ફરીયાદી પોતાના મંગેતર આવ્યા હોવાથી ગત તા. ૧૪ ના રોજ અગોરા મોલ ફરવા માટે પોતાના ભાઈની ગાડી નં.જી.જે.૦૧.આર.વાય-૭૫૬૯ ઈયોન લઈને ગયા હતા. અગોરા મોલનું પાર્કીંગ હાઉસફુલ હોવાથી કાર રોડની બાજુમાં પાર્ક કરી હતી. બપોરે બે વાગે ગાડી પાર્ક કર્યા પછી સાંજના પાંચ કલાકે ફરીયાદીના મંગેતર કારમાં ચશ્મા લેવા માટે ગયા હતા. ત્યારબાદ અગોરા મોલમાં મુવી જોવા માટે બેઠા હતા. ત્યારે ગાડીમાં પાછળની સીટમાં ફરિયાદીના મોટાબેનની ડેન્ટીસ્ટને લગતો સામાન ભરેલી બેગ હતી. સાંજે મુવી જોઈને આઠ વાગ્યા અરસામાં ગાડી પાસે આવ્યા તો ગાડીનો પાછળનો કાચ તુટેલો હતો અને બેગ ગાયબ હતી. બેગમાં આર.વી.જી.કીટ રૂ.૬૦,૦૦૦, લેપટોપ ચાર્જર કિ.૫૦૦, ડેન્ટલ ફાઈલ્સ કિંમત રૂ. ૩૦૦૦, ડેન્ટલ મીરર્સ કિં.રૂ. ૧૦૦૦ ડેન્ટલ પ્રોપ્સ કિં.રૂ.૧૦૦૦ મળી કુલ કિ.રૂ.૬૮,૦૦૦ મતાની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# એમ્બ્યુલન્સની સાયરનને 'મદદનો પોકાર' ગણી રસ્તો આપવાની દરિયાદિલી કયારે દાખવીશું?

## એમ્બ્યુલન્સની સાયરન સાંભળવા છતાં માર્ગમાંથી નહીં હટતા વાહનચાલકોનો અવિવેક કોઈકનો જીવ લઈ લે છે : અન્ય દેશોની જેમ આ પ્રકારના કૃત્ય માટે દંડ આકરો કરવાની આપણે ત્યાં પણ જરૂર જણાતી જાય છે

ગાંધીનગર, તા.૨૧

ગત જુન માસમાં હોંગકોંગમાં પ્રશાસન વિરૂધ્ધ કોઈ બાબતે નાગરિકો વિરોધ પ્રદર્શન માટે એકઠાં થયાં હતા ત્યારે બનેલી એક સાહજિક અને નાનકડી ઘટનાનો વિડીયો ભારતભરમાં વાઈરલ થયો હતો અને તે અંગે સોશ્યલ મિડીયા તથા રાષ્ટ્રીય સમાચારોમાં ચર્ચાસ્પદ બન્યો હતો. અંદાજે ૨૦ લાખ નાગરિકો વિરોધ પ્રદર્શનમાં જોડાયા હતા અને ખૂબ જ મોટા અવાજે સુત્રોચ્ચાર ચાલી રહ્યા હતા ત્યારે અચાનક એક એમ્બ્યુલન્સ આવવાની સાયરન સંભળાતા એકત્રિત મેદની એકાએક શાંત પડી ગઈ અને સ્વયંભૂ રીતે બે ભાગમાં વહેંચાઈ ગઈ હતી જેથી પેલી એમ્બ્યુલન્સ સરળતાથી અને ઝડપથી પસાર થઈ શકે અને એમ્બ્યુલન્સના પસાર થઈ ગયા બાદ જ પ્રદર્શનકારીઓએ તેમનું વિરોધ પ્રદર્શન આગળ ધપાવ્યું હતું. હોંગકોંગ સહિત જર્મની, અમેરિકા, યુકે જેવા અનેક દેશોમાં તદન સામાન્ય ગણાતી આ ઘટના અદભૂત સંવેદનાસભર નાગરિક વિવેકબુધ્ધિના દર્શન કરાવી ગઈ હતી. આ ઘટનાનો વિડીયો ભારતભરમાં લગભગ દરેક 'સ્માર્ટ ફોન'માં પ્રસર્યો અને જોવાયો હતો અને સાથે સાથે આપણી નાગરિક 'સેન્સ' અંગે અઢળક ટીપ્પણીઓ પણ થવા પામી હતી ત્યારે માત્ર એક જ સવાલ ઉભો થાય છે કે દરરોજ આપણી સડકો પર એમ્બ્યુલન્સને પણ અવગણતી અથવા તેની 'સાયરન'નો લાભ




ઉઠાવી ટ્રાફિકમાં આગળ નીકળી જવાની આપણી ઉતાવળ કયારેય આવી સંવેદના દાખવશે ખરી?

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના પહેલા કાર્યકાળમાં વીઆઈપી કલ્ચર દૂર કરવાની નેમ સાથે સરકારી ગાડીઓ પરના 'લાલ લોટા' હટાવડાવ્યા હતા પરંતુ હજુ પણ આપણે ત્યાં ખાનગી વાહનો પર 'લાલ અક્ષરો'થી પ્રભાવ ઉભો કરવાથી માંડીને સામાન્ય પ્રજા ટ્રાફિક જામની સમસ્યામાં ફસાય તેવી રીતે રેલી, ધરણા, પ્રદર્શન કે સભાઓ યોજવાની વૃત્તિ પેલા વીઆઈપી કલ્ચર જેટલું જ નુકસાન કરી રહી છે. પંજાબ વિધાનસભાની છેલ્લી






ચુંટણીઓ દરમિયાન ચાલી રહેલા પ્રચાર કાર્યમાં લુધિયાણામાં યોજાયેલી એક હાઈ પ્રોફાઈલ ચુંટણી સભાને કારણે લેટ પડેલી એમ્બ્યુલન્સમાં અવતાર કૌર નામની મહિલાનું સમયસર હોસ્પિટલ પહોંચી ના શકવાને કારણે અવસાન થયું હતું ત્યારે તેના પુત્રએ પેલી રેલીના વીઆઈપી નેતાઓ શું તેમની માતા પાછી લાવી શકશે? જેવા વેધક સવાલ કેમેરા સામે કર્યા હતા. જો કે આપણે ત્યાં માત્ર વીઆઈપી નેતાઓના કાફલાને પસાર થવા માટે કે તેમની રેલીસભાને કારણે જ એમ્બ્યુલન્સ મોડી પડે છે તેવું નથી પરંતુ સામાન્ય વાહનચાલકોમાં પણ એમ્બ્યુલન્સને જગ્યા આપી દેવાની પ્રાથમિકતા આપવામાં ઉદાસીનતાનું વલણ પણ એટલું જ જવાબદાર છે. એમ્બ્યુલન્સ છેક પાછળ સુધી આવી ન જાય ત્યાં સુધી તેના માર્ગમાંથી હટવું નહી અથવા ચાર રસ્તે ટ્રાફિક સિગ્નલમાં રેડ લાઈટ અથવા બંધ રેલવે ફાટકે પણ એમ્બ્યુલન્સ પસાર થઈ શકે તેટલી જગ્યા ના થઈ શકે તે રીતે રસ્તો બ્લોક થઈ જાય ત્યાં સુધી ઉભા રહી જવું તે આપણી સામાન્ય આદત છે. આ પ્રકારની બેજવાબદારી પૂર્ણ અસંવેદનશીલતાને કારણે જ કદાચ એમ્બ્યુલન્સમાં જ મોતને ભેટતા દર્દીઓની સંખ્યાના કારણોમાં ટ્રાફિકમાં મોડા પડવાનું કારણ શિરમોર છે.

એમ્બ્યુલન્સ એ આકસ્મિક ઘટના કે આપત્તિના સમયે ઘાયલો અથવા અચાનક લથડેલી તબિયતના પિડીત દર્દીઓને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવા સાથે સઘન સારવાર મળી રહે તે હેતુથી ઝડપથી હોસ્પિટલ પહોંચાડવાની જીવન જરૂરી સેવા છે. આ સેવાનો પણ દુરુપયોગ કરતા આપણે અચકાતા નથી. કેટલાક નાના નગરો કે ગામોમાં ઘરના વૃધ્ધ વ્યકિતને શહેરમાં મોટી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવાના બહાને એમ્બ્યુલન્સ બોલાવી તેના ડ્રાઈવરને 'ચા-પાણી' પકડાવી વગર ભાડાની ગાડી તે પણ સાયરન સાથેની પોતાના ખાનગી કામોને પતાવવા કે સામાન લાવવા લઈ જવા વાપરવાના કિસ્સા પણ લખનારે બાળપણમાં જોયેલા છે. વળી જયારે એમ્બ્યુલન્સ પોતાના વાહનની આગળ કે પાછળ હોય ત્યારે તેની ઓથે પોતે પહેલા ફાટક કે ચાર રસ્તા અથવા શકય હોય તેટલો રસ્તો ઝડપથી કાપી લેવાની વૃત્તિ દાખવતા વાહનચાલકો તો રોજબરોજ જોવા મળે છે. એમ્બ્યુલન્સ સેવા માટે જયારે કોલ ૧૦૮ પર કરવામાં આવે છે ત્યારે સેન્ટ્લાઈઝડ કૉલ સેન્ટર એરિયા ટ્રેસ કરી નજીકની એમ્બ્યુલન્સ દર્દીને લેવા માટે મોકલે છે. આમ એમ્બ્યુલન્સની 'સાયરન' દર્દીને લેવા જતી વખતે અને હોસ્પિટલ પહોંચાડતી વખતે એમ બે વાર વાગાડવાની જરૂર પડે છે. પરંતુ દર્દીને મુકીને આવ્યા પછી પણ કેટલીકવાર ડ્રાયવર માત્ર ટ્રાફિકમાં આગળ નીકળવા સાયરનનો ઉપયોગ કરે તે અયોગ્ય અને સજાપાત્ર કૃત્ય ગણાય છે. આજ રીતે એમ્બ્યુલન્સનો રસ્તો અવરોધાય તે રીતે વાહન હંકારવું તે પણ ગુનો છે જે માટે ભારતના વિવિધ રાજયોમાં રૂ. ૫૦૦થી લઈને રૂ. ૨ હજાર સુધીના દંડની જોગવાઈ છે. વિદેશોમાં આ ગુના માટે કેદની પણ જોગવાઈ હોય છે તેવી જોગવાઈની જરૂરિયાત આપણે ત્યાં સ્પષ્ટપણે જણાય છે. અરે ઘણા વાહનચાલકો તો તેમના ફેન્સી હોર્નમાં પણ એમ્બ્યુલન્સની સાયરન વગાડી ટ્રાફિકમાં જગ્યા મેળવી લેવાનું કૃત્ય કરતા અચકાતા હોતા નથી અને પાછા પોતે જાણે કોઈ મોટો મીર માર્યો હોય તેમ પોરસાતા પણ શરમાતા નથી.

જો કે જુન ૨૦૧૪માં ચેન્નઈમાં એક હૃદયના ટ્રાન્સપ્લાન્ટ માટે હોસ્પિટલ તથા ટ્રાફિક પોલિસના તાલમેલ સાથે વાહનચાલકોના સકારાત્મક સહકારથી એમ્બ્યુલન્સે ૧૧ કિમીનું અંતર માત્ર ૧૩.૨૨ મિનિટમાં કાપી દર્દીનો જીવ બચાવ્યો હતો તેવા કેટલાક પ્રસંશનીય કિસ્સા પણ આપણે ત્યાં નોંધાયા છે. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી અનેકવાર અકસ્માત જોઈ કાફલો થોભાવી ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવા સુધી ઉભા રહી મદદરૂપ બન્યા છે ત્યારે નાગરિકોએ 'એમ્બ્યુલન્સ'ની સાયરનને 'મદદનો પોકાર' ગણી તેને રસ્તો કરી આપવાની ફરજ દાખવવાનો વિવેક કેળવવો જરૂરી બનતો જાય છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com